GJNV120003462026

| | | | | |
|---|---|---|---|---|
| **રજુ તારીખ** | :: | ૧૮.૦૩.૨૦૨૬ | | |
| **દાખલ તારીખ** | :: | ૧૮.૦૩.૨૦૨૬ | | |
| **નિકાલ તારીખ** | :: | ૦૫.૦૮.૨૦૨૬ | | |
| **અવધિ** | :: | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૦૦ | ૦૪ | ૧૮ |

**મે.ખેરગામનાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.મુ.ખેરગામ**
**ફો.કેસ નંબરઃ ૨૩૨/૨૦૨૫**
**ખેરગામ પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૬૦૦૨૦/૨૦૨૬**
**આંકઃ– ૧૫**

**ફરીયાદી :– નામદાર સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :– કિશોરભાઈ નેમુભાઈ પટેલ**
રહે.જામનપાડા મંદિર ફળિયા,
તા.ખેરગામ, જી.નવસારી.

**<u>ગુન્હો– ધી મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી મુજબ...</u>**

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.મલેક
આરોપી તરફે વિ.વ.શ્રી એચ.એસ.પટેલ

**<u>–: જજમેન્ટ :–</u>**

**૧::** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૧૩–૦૧–૨૦૨૬ ના રોજ કલાક ૧૬:૦૦ થી ૧૬:૩૦ વાગ્યાના સુમારે મોજે ખેરગામ દશેરા ટેકરી ખાતે જાહેર રોડ ઉપર તેમના કબજાની બજાજ કંપનીની એવેન્જર મો.સા. જેનો રજી. નં. જી.જે.૦૫ એમજે ૩૦૦૩ ની પાસ પરમીટ વગર દારૂનો નશો કરી નશાની હાલતમાં મો.સા. પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ લાવી પકડાઈ જઈ એમ.વી. એકટ કલમ–૧૮૫ તથા ૬૬(૧)બી મુજબનો ગુનો કરેલ.

**૨::** ફરીયાદીની ફરીયાદનાં આધારે ખેરગામ પોલીસે ખેરગામ પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુના રજી. નં.૧૧૮૨૨૦૦૪૨૬૦૦૨૦/૨૦૨૬ થી ગુનો નોંધી લાગતા વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધી જરૂરી પંચનામાં કરી તપાસનાં અંતે આરોપી સામે પુરતા પુરાવા મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારુ રજુ કરેલ છે.

**૩::** અદાલતમાં ચાર્જશીટ રજુ થતાં તેને ફોજદારી રજીસ્ટરે નોંધી આરોપીને સમન્સ કાઢવામાં આવતાં અને ધોરણસર બજી જતાં આરોપી ના. કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવી છે. આરોપી સામેના ગુનાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી આંક – ૦૩ થી તેઓનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૪::** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવા સારુ નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરીયાદી મયુરભાઈ સવદાસભાઈની જુબાની |
| ૨ | ૦૬ | ફરીયાદ |
| ૩ | ૦૭ | પંચ સાહેદ નિલેશભાઈ સવજીભાઈની જુબાની |
| ૪ | ૦૮ | પંચનામુ |
| ૫ | ૦૯ | પંચ સાહેદ રસીદભાઈ અલ્લારખુ શેખની જુબાની |
| ૬ | ૧૦ | મેડીકલ ઓફિસરશ્રી ડૉ.વિપુલભાઈ કે.પટેલની જુબાની |
| ૭ | ૧૧ | પોલીસ યાદી |
| ૮ | ૧૨ | ફોર્મ–એ |
| ૯ | ૧૩ | ફોર્મ–બી |
| ૧૦ | ૧૪ | ફોર્મ–સી |

**૫::** ફરીયાદપક્ષ તરફથી ઉપર મુજબનો સાક્ષી પુરાવો રજુ થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. ત્યારબાદ બંને પક્ષના વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામ જજમેન્ટ માટે રાખવામાં આવેલ છે.

**૬::** કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમાં લેતાં આ કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

મુદ્દા નંબર : ૧ – શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં તહોમતદારએ તા.૧૩–૦૧–૨૦૨૬ ના રોજ કલાક ૧૬:૦૦ થી ૧૬:૩૦ વાગ્યાના સુમારે મોજે ખેરગામ દશેરા ટેકરી ખાતે જાહેર રોડ ઉપર તેમના કબજાની બજાજ કંપનીની એવેન્જર મો.સા. જેનો રજી. નં.જી.જે.૦૫ એમજે ૩૦૦૩ ની પાસ પરમીટ વગર દારૂનો નશો કરી નશાની હાલતમાં મો.સા. હંકારી લઈ લાવી પકડાઈ એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા ૬૬(૧)બી મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નંબરઃ ૨ – શું હુકમ ?

**૭::** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નંબર : ૧ – નકારમાં.

મુદ્દા નંબર : ૨ – આખરી હુકમ.

૮:: **મુદ્દા નંબર : ૧** ની ચર્ચા.

**(૯)...** આંક – ૦૫ થી ફરીયાદી મયુરભાઈ સવદાસભાઈનાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૩–૦૧–૨૦૨૬ ના રોજ તેઓ તથા અ.હે.કો.કલ્પેશભાઈ ઝવેરભાઈ તથા બીજા પોલીસના માણસો સાથે ખેરગામ પો.સ્ટે.વિસ્તારમાં જાહેર રોડ પર વાહન ચેકીગમાં હતા તે દરમ્યાન એક મો.સા.ચાલકને ઉભો રખાવી પૂછપરછ કરતાં તે નશામાં હોવાનું જણાતાં નજીકમાંથી બે પંચોના માણસોને બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ ઠામ પુછતા પોતાનુ નામ કિશોરભાઈ નેમુભાઈ ધો.પટેલ, રહે.જામનપાડા, મંદિર ફળીયા, ખેરગામ વાળો હોવાનું તોતડાતી જીભે જણાવેલ. જેથી પંચો રૂબરૂ તેનુ મોઢુ સુધી સુંઘાડી જોતા તેના મોઢામાંથી દારૂ પીધેલાની પુષ્કળ વાસ આવતી હતી તેમજ તેની આંખો લાલ હતી તેમજ તેને ચલાવી જોતા પોતાનુ શરીર સંભાળી શકતો ના હતો તેની પાસ પરમીટ માંગતા તે ન હોવાનુ જણાવેલ હોય,

જેથી પંચો રૂબરૂ તેની શરીર સ્થિતીનું પંચનામુ કરી સદર આરોપીની અટક કરી વધુ ખાતરી માટે સી.એચ.સી. ખેરગામ તરફ મોકલેલ. જે બાબતની ખેરગામ પો.સ્ટે. ફરીયાદ આપેલી. જે ઝેરોક્ષ ફરીયાદ જોઈને કહે છે કે તેમા તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જેને બચાવપક્ષની સંમતિ સાથે રજુ દાખલ **આંક–૦૭** થી રજુ છે. આરોપીને જોયેથી ઓળખે છે. આરોપી તર્ફે હાજરી મુકિત રીપોર્ટ હોય ઓળખ અંગે તકરાર નથી.

ત્યાર બાદ આરોપીના વિ.વ.શ્રીની ઉલટ તપાસમાં એવી હકીકતનો સ્વિકાર કરેલ છે કે એ વાત ખરી છે કે આરોપીએ અમારી તમામ સુચનાનુ પાલન કરેલ. એ વાત ખરી છે કે આરોપી કોઈની સાથે ધમાલ કે ઝગડો કે છેડછાડ કરતા ન હતા. એ વાત ખરી નથી કે આરોપી કોઈ સાથે ગાળા ગાળી કરતો ન હતો. એ વાત ખરી નથી કે આરોપીની શરીર સ્થિતી સામાન્ય હતી. એ વાત ખરી નથી કે આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોય આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ ના આધારે, ખોટી રીતે ઓળખી બતાવી આજ રોજ ખોટી જુબાની આપુ છું.

**(૧૦)...** ત્યારબાદ, આંક–૦૭ થી પંચસાહેદ નિલેશભાઈ સવજીભાઈ પટેલ તથા આંક–૦૯ થી સાહેદ રસીદભાઈ અલ્લારખુ શેખનાઓ કે જેઓ આ કામે રજુ થયેલ આંક–૦૮ ના પંચનામાના પંચસાહેદ છે તેઓ તેમની જુબાનીમાં પંચનામા ઉપર સહી કર્યા માત્રની હકીકત જણાવે છે તે સિવાય પંચનામાની વિગતો વિષે તેઓને કોઈ માહિતી નથી. આમ, આ સાહેદો તેઓની જુબાનીમાં હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

**(૧૧)...** આંક–૧૦ થી મેડીકલ ઓફિસરશ્રી ડૉ.વિપુલભાઈ કે.પટેલનાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૩–૦૧–૨૦૨૬ ના રોજ કલાક ૦૪:૪૫ પી.એમ.સમયે તેઓ તેમની ફરજ ઉપર હાજર હતો ત્યારે ખેરગામ પો.સ્ટે.ના અહેકો કલ્પેશભાઈનાઓ આરોપી કિશોરભાઈ નેમુભાઈ પટેલ, રહે.જામનપાડા, મંદિર ફળીયા, તા.ખેરગામ, જી.નવસારી નાઓને તેમની પાસે એક પો.સ્ટે.ની યાદી સાથે લાવેલ. જેની અસલ નામ. કોર્ટમાં રજુ છે. જે બચાવ પક્ષની સંમતી સાથે રજુ દાખલ **આંક–૧૧**. આ કામના આરોપીની ઓ.પી.ડી.માં એકલા હોવાથી પ્રાથમીક ચકાસણી કરી જેમાં તેમના શ્વાસમાં આલ્કોહોલની વાંસ હતી, તેમની ભાષા અસભ્ય હતી, તેમની ચાલ લથડતી હતી, તેમની આંખની કીકી પહોળી હતી, મારા અભીપ્રાય મુજબ તે વ્યકિતએ આલ્કોહોલ લીધેલ હતો અને લોહીની ચકાસણી માટે

સેમ્પલ લીધેલ હતા. જે મુજબનુ નીયમસર તેમણે તેમનો અભીપ્રાય લેખીતમાં આપેલ. જેની ફોર્મ 'એ' કહેવાય છે. જે નામ.કોર્ટમાં રજુ છે. સદર ફોર્મમાં આ કામના આરોપીએ તેમની હાજરીમાં સહી કરેલ અને તેમણે પણ સહી કરેલી. સાહેદ પોતાની ફોર્મ 'એ' પર સહી ઓળખી બતાવતા હોય જેથી દાખલ **આંક–૧૨**. ત્યારબાદ તેમની પાસે આરોપીને લાવેલ ત્યારે તેમના જમણા હાથને પ્લેન કોટનથી સાફ કરેલ. ત્યારબાદ આરોપીને સ્ટરીલાઈઝ નીડલ અને સીરીઝનો ઉપયોગ કરીને ૫ મીલી જેટલુ લોહી શીરામાંથી લીધેલ હતુ. જેને મે પ્રીફીકસ વાયલ કે જે ૫ મીલીની હોય છે જેની અંદર ૫ એમ.જી. સોડીયમ ફલોરાઈડના મીશ્રણમાં ઉમેરી તેને બરાબર હલાવી લાખ વડે સીલ પેક કરી તેને લેબલ કરી તા.૧૩–૦૧–૨૦૨૬ ના રોજ ફોરેન્સીકમાં રજી. એડી.થી મોકલ્યુ હતુ. તે બદલનુ ફોર્મ 'બી' નીયમ ૪(૨) મુજબ નીયમસર બનાવેલ જેની ઝેરોક્ષ નામ.કોર્ટમાં રજુ છે. સદર ફોર્મ 'બી' ઉપર સાહેદ પોતાની સહી ઓળખી બતાવતા હોય સદર ઝેરોક્ષ ફોર્મ 'બી' ને બચાવપક્ષની સંમતીથી રજુ દાખલ **આંક–૧૩.** ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ધ્વારા આરોપીનો એફ.એસ.એલ.નો આખરી અહેવાલ મળેલ. જેને ફોર્મ 'સી' તરીકે ઓળખાય છે. સદર ફોર્મ 'સી' વાંચીને કહે છે કે આરોપીનુ લોહીનુ સેમ્પલ એફ.એસ.એલ.ને તા.૨૨–૦૧–૨૦૨૬ ના રોજ મળી ગયેલ છે જે બ્લડ સેમ્પલનુ પૃથ્થકરણ તા.૦૫–૦૨–૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે જે રીપોર્ટ પરથી ફલીત થાય છે. સદર ફોરેન્સીકનો રીપોર્ટ નામ. કોર્ટમાં રજુ કરેલ. જેમાં આસીસ્ટન્ટ તરીકે શ્રી.એમ.આર.પટેલની સહી છે. સદર એફ.એસ.એલ. રીપોર્ટના આખરી અહેવાલ મુજબ આરોપીના લોહીમાં ૦.૦૯૩૦ ગ્રામ પરસેન્ટેજ ઓફ ઈથાઈલ આલ્કોહોલ મળી આવેલ છે. જે સામાન્ય કરતા વધુ છે. જેથી તેવુ કહી શકાય કે આ કામના આરોપીના લોહીમાં માપ કરતા વધારે આલ્કોહોલ મળી આવેલ છે. સદર ફોર્મ 'સી' ની અસલ નામ.કોર્ટમાં રજુ કરેલ જે રજુ દાખલ **આંક–૧૪** થી રજુ છે.

ત્યાર બાદ આરોપીના વિ.વ.શ્રીની ઉલટ તપાસમાં એવી હકીકતનો સ્વિકાર કરેલ છે કે એ વાત ખરી છે કે આરોપીને મારી પાસે ચાલતા લાવવામા આવેલ. એ વાત ખરી છે કે આરોપીએ મારા સુચન કે પ્રશ્નોના જવાબ સારી રીતે આપેલા. એ વાત ખરી નથી કે મે બ્લડ સેમ્પલ ના નિયમ ૪ મુજબ આરોપીનું લોહી લીધેલ નથી.

**(૧૩)...** આ કામે આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ મુજબના આક્ષેપો છે. જેથી આ કેશના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ શું છે? તેની અગત્યતા વિગતે શું છે? તે જાણવું જરૂરી જણાય આવે છે.

**કલમ –૧૮૫. નશાકારક પીણા કે પદાર્થની અસર હેઠળ વાહન ચલાવવા બાબત.**

***મોટર વાહન ચલાવતી કે ચલાવવાની કોશિશ કરતી વખતે જે કોઈ વ્યકિત–***

(એ) શ્વાસોચ્છવાસના પરીક્ષણ દરમ્યાન જો ડ્રાઈવરના લોહીમાં દારૂ ૩૦ એમ.જી. દરેક ૧૦૦ એમ.એલ. જો તેના લોહીમાંથી પરીક્ષણ દરમિયાન મળી આવે તો, (અથવા)

(બી) વાહન ઉપર યોગ્ય કાબૂ રાખવાને કારણે પોતે અશકિતમાન થાય તેટલી હદે નશાકારક પીણા કે પદાર્થની અસર હેઠળ હોય, તે પહેલા ગુના માટે છ મહિના સુધીની અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે અને એવો ગુનો અગાઉ કર્યાના ત્રણ વર્ષની અંદર કરેલા ત્યાર પછીના ગુના માટે બે વર્ષ સુધીની કેદની અથવા ત્રણ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે.

**૬૬. ભાંગ–ગાંજાના ગેરકાયદેસર વાવેતર અને તે એકઠો કરવા અને બીજી બાબતો બદલ શિક્ષા :–**

(૧) જે કોઈ વ્યકિત આ અધિનિયમની જોગવાઈઓનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ વિનિમય અથવા હુકમનું અથવા તે હેઠળ કાઢેલા કોઈ લાઈસન્સો, પરમિટો પાસ અથવા અધિકારપત્રનું ઉલ્લઘંન કરીને–

(A) [X X X]

(B) અફીણ સિવાયના બીજા કોઈ પણ કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજો લે, ઉપભોગ અથવા ઉપયોગ કરે,

(C) ...

(D) કોઈ ઝાડમાંથી તાડી કાઢે અથવા કાઢવાની છૂટ આપે, તેને દોષિત ઠર્યેથી,–

(૧) પહેલા ગુના માટે છ મહિના સુધીની કેદની અને એક હાજર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે:

(૨) બીજીવાર અથવા વારંવારના ગુનાઓ માટે, બે વર્ષ સુધીની થઈ શકે પરંતુ છ માસથી ઓછી નહી તેવી કેદની અને હજાર રૂપિયા સુધીનો થઈ શકે તેવા દંડની શિક્ષાને પાત્ર રહેશે.

(E) રાજય બહારના કોઈ સ્થળે અફીણ સિવાયના કેફી પદાર્થ કે ભાંગ લીધા પછી, નશો ચડેલી હાલતમાં અથવા તેવા કેફી પદાર્થ કે ભાંગની અસર નીચે હોય તે વખતે રાજયના પ્રદેશમાં દાખલ થાય.

**(૨)** પેટા કલમ(૩)ની જોગવાઈઓની અધીન રહીને કેફી પદાર્થ લેવા માટે પેટા કલમ (૧) ના ખંડ (ખ) મુજબ કોઈ ગુનાને ઈન્સાફ કરતી વખતે અથવા રાજય બહારના કોઈ સ્થળે કેફી પદાર્થ અથવા ભાંગ લીધા પછી રાજયના પ્રદેશમાં દાખલ થવા માટે, પેટા કલમ(૧) ના ખંડ(ચ) હેઠળના ગુનાનો ઈન્સાફ કરતી વખતે એવુ કહેવાતુ હોય કે આરોપીએ દારૂ પીધો છે અને એવુ સાબિત થયુ હોય કે આરોપીના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ કદમાં ૦.૦૫% વજન કરતા ઓછુ નથી તે પ્રસંગે પીધેલો દારૂ, કલમ ૨૪–૧કમાં વ્યાખ્યા કર્યા પ્રમાણમાં લીધેલી દવાની બનાવટ હતી અથવા પીધેલા દારૂ પ્રસાધનની બનાવટ હતી અથવા આલ્કોહોલવાળી જંતુનાશક બનાવટ અથવા દ્રાવણ હતુ અથવા સુગંધીદાર અર્કનું ઈસેન્સ અથવા રસ હતો, કે જેના પીવાથી અધિનિયમનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો, વિનિયમો અથવા હુકમોનું ઉલ્લઘંન થતુ નથી એવુ સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહેશે અને કોર્ટ આવવી સાબિત ન હોય તે પ્રસંગે વિરુધ્ધનું માની લેવું.

**(૩) પેટા કલમ (૨)ની જોગવાઈઓઃ–**

(A) સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારી અથવા સ્થાનિક સત્તાધિકારી અથવા ધર્માદા સંસ્થા તરફથી નિભાવવામાં આવતા અથવા મદદ મેળવતા કોઈ ઈસ્પિતાલ, આરોગ્ય સુધારગૃહ, સુશ્રુષા ગૃહ અથવા દવાખાનામાં રાખેલા દરદીઓની સારવાર કરવામાં આવતી હોય તે મુદત દરમિયાન તેમને.

(B) ઠરાવવામાં આવે તેવી બીજી સંસ્થાઓમાં અથવા તેવા સંજોગોમાં તેવી બીજી વ્યકિતઓ કોઈ દારૂ પીએ તેને લાગુ પડશે નહિ.

**(૧૪)...** આમ, ઉપરોકત જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો **૬૬(૧)બી** મુજબનો તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે એ પુરવાર કરવુ પડે કે, આરોપીએ કેફી પીણાનો ઉપયોગ અથવા તો ઉપભોગ કરેલ છે અને તેના લોહીમાંથી આલ્કોહોલનું પ્રમાણ કદમાં ૦.૦૫ % વજન કરતા ઓછું નથી.

**(૧૫)...** હવે આ કામના ફરીયાદી એક પોલીસ સાહેદ છે. જેઓ પોતાની ફરજ અનુસાર ફરીયાદ લખાવેલ છે અને આરોપીને ઓળખી બતાવે છે. પોતાની આંક–૦૫ વાળી જુબાની તથા આંક–૦૬ વાળી ફરીયાદમાં ઓળખી બતાવે છે. આ કામે બંન્ને પંચ સાહેદો તથા ડૉકટર સાહેદો એક સ્વતંત્ર સાહેદો છે. આ બંન્ને સાહેદોએ સચોટ થઈ સમર્થન આપેલ છે તે જોવુ અગત્યનું બને છે.

હવે આંક–૦૭ થી પંચ સાહેદ નિલેશભાઈ સવજીભાઈ પટેલ તથા આંક–૦૯ થી પંચ સાહેદ રસીદભાઈ અલ્લારખુ શેખનાઓ પોતાની જુબાનીમા એમ જણાવે છે કે તેઓ ફકત એક લખેલ કાગળ ઉપર સહી લેવામા આવેલ છે. તેઓ પંચનામા વિશે કશું જાણતા નથી. આરોપીને પણ ઓળખતા નથી. આ સાહેદોએ પંચનામામાં ફકત સહી ઓળખી બતાવેલ છે. ગુનાવાળી જગ્યાનું અટક પંચનામુને આંક–૦૮ આપવામાં આવેલ છે. હવે આંક–૦૫ ની સરતપાસમાં ફરીયાદીએ એમ જણાવેલ છે કે તા.૧૩–૦૬–૨૦૨૬ ના રોજ તેઓ તથા ત.ક.અમલદાર તથા બીજા પોલીસના માણસો સાથે ખેરગામ પો.સ્ટે. વિસ્તારમા વાહન ચેકીગમા હતા તે દરમ્યાન તેમના કબ્જાની મો.સા. દારૂના નશાની હાલતમા હંકારી લાવી તેને રોડની બાજુમા ઉભા રાખી આંક–૦૮ ના પંચસાહેદોની હાજરીમા તેઓનું નામઠામ પૂછી તેની અટક કરી વધુ તપાસ સારુ ખેરગામ સી.એચ.સી. ખાતે મોકલવામાં આવેલ. હવે જો પંચ સાહેદોની જુબાની જોઈએ તો ફરીયાદીનું કથન ખોટું જણાય આવે છે કારણ કે પંચસાહેદો કોઈ પણ જગ્યાએ રેડમા પોલીસ સાથે ગયેલ કે તેઓની હાજરીમા તેઓની અટક કરેલ હોય તેવુ કોઈ પણ રેકર્ડ જણાયેલ નથી. જેથી સ્વતંત્ર સાહેદ પંચ સાહેદો ફરી જવાથી ફરીયાદીની ફરીયાદ શંકાસ્પદ બની જાય છે અને ત.ક.અ.ની તપાસ પણ શંકાસ્પદ બની જાય છે.

વધુમાં આ કામનો બનાવ તા.૧૩–૦૬–૨૦૨૬ ના રોજ કલાક ૧૬:૦૦ થી ૧૬:૩૦ વાગ્યાના સુમારે મોજે ખેરગામ દશેરા ટેકરી જાહેર રોડ ઉપર બનેલ તે એક જાહેર રસ્તો છે ત્યાં લોકોની સખત અવર જવર ચાલુ હોય તેમ છતાં ફરીયાદી

કે ત.ક.અમલદારે બીજા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. જેથી ફરીયાદપક્ષના કથનથી કેસ ચાલતા દરમ્યાન સમર્થન આપી શકે તેવો કોઈ પણ સ્વતંત્ર સાહેદને તપાસેલ નથી તેનો કોઈ ખુલાસો પણ કરેલ નથી.

વધુમાં આ કામના આરોપી દારૂના નશાની હાલતમા તેમના કબજાની બજાજ કંપનીની એવેન્જર મો.સા. જેનો રજી. નં.જી.જે.૦૫ એમજે ૩૦૦૩ ની દારૂ પીને હંકારી લાવેલ તેવુ રેકર્ડ પર છે પરંતુ રેડ વાળી જગ્યાએ ફરીયાદી તથા ત.ક.અમલદારે બંન્ને હાજર હતા જેથી જેતે સમયે આ આરોપી જ સદર વાહન ચલાવતો હતો તેને પુરવાર કરવા સારુ ત.ક.અમલદારે પોતાની તપાસ દરમ્યાન મોટર સાયકલ વાહન કબજે કરેલ નથી. તેની માલિકી અંગેના કોઈ પણ દસ્તાવેજો પણ કબજે કરેલ નથી. જેથી સદર વાહન બનાવ સમયે આ જ આરોપી જ ચલાવતો હતો તે પંચસાહેદો ફરી જવાથી આંક–૦૬ વાળી ફરીયાદ શંકાસ્પદ બની જવાથી આખો કેશ શંકાસ્પદ બની જાય છે. જેથી સીધો લાભ આરોપીને આપવું તે ન્યાયોચીત વ્યાજબી જણાય આવે છે.

તેવી જ રીતે મોટર વ્હીકલ એકટ ૧૮૫ મુજબની પ્રક્રિયા તથા ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૮૫ ની પ્રક્રિંયામા ફેર છે. જેથી કોઈ પણ માણસ વાહન ચલાવતા દારૂ પીધેલી હાલતમાં મળી આવે તેને મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ હેઠળ અટક કરવી જરૂરી જણાય આવે તો તેના પહેલા સ્થળ પર ફરીયાદી તથા ત.ક.અમલદારે મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ મુજબ આરોપીને તે સમયે પંચોની હાજરીમા બ્રિથએનેકાઈસર ટેસ કરવાનું હોય તે કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ નથી અને ના કરવા બદલનો કોઈ ખુલાસો પણ આપવામાં આવેલ નથી. જે આપો આપમાં ફરીયાદપક્ષનો કેસ નબળો બની જાય તેમ છે.

આમ ઉપરોકત કરેલ ચર્ચાના અનુસંધાને ફરીયાદપક્ષ આરોપી સામેના મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ ૬૬(૧)બી મુજબના આક્ષેપો નિશંકપણે શંકાથી પર સ્પષ્ટ કરવામાં નિષ્ફળ ગયેલ છે અને ફરીયાદપક્ષ ખામી ભરી તપાસના કારણે શંકાનો આરોપી પ્રત્યેનો લાભ મળે છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## —: હુકમ :—

**(૧)** આ કામના આરોપી **કિશોરભાઈ નેમુભાઈ પટેલ,** રહે.જામનપાડા મંદિર ફળિયા, તા.ખેરગામ, જી.નવસારીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૮ અન્વયે એમ. વી. એકટની કલમઃ– ૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આરોપીના ખત તથા જામીનખત ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમની કલમ ૪૮૧ મુજબ અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખઃ ૦૫મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ખેરગામ.
તા.૦૫.૦૮.૨૦૨૬

**(ધરાંથ આર.પટેલ)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, ખેરગામ.
**CODE : GJ 01753**